Friday
09.12.2022
*Volume :7 * Issue No.129
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# ગુજરાતમાં લહેરાયો કેસરિયો

## મોદી..... મોદી..... મોદી.....

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

ફરી એક વાર ભાજપે ગુજરાતની જનતાના મન ઉપર રાજ મેળવી લીધું અને ઐતિહાસિક જીત હાંસલ કરી ફરીથી સરકાર બનાવી વિકાસ કાર્યોની ગાથા આગળ વધાવશે. આ પ્રચંડ બહુમત એ સાબિત કરે છે કે ૨૦૨૪માં પણ ભાજપને હરાવવું અશક્ય. ગુજરાત ચૂંટણીના પરિણામમાં ભાજપને ઐતિહાસિક જીત પ્રાપ્ત થઈ છે, ત્યારે કમલમ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ગુજરાતની જનતાનો આભાર માન્યો હતો અને આ આ વિજય પરચમ લહેરાવનારા હિરો નરેન્દ્ર મોદી છે તેમ જણાવ્યું હતું. વિસનગર વિધાનસભા બેઠક પર ભાજપના ઋષિકેશ પટેલની ફરીથી જીત થઈ છે. તો કોગ્રેંસના કિરીટ પટેલની કારમી હાર થઈ છે.કોંગ્રેસના ગઢ ગણાતા ઉના બેઠક પર ભાજપના કાળુ રાઠોડની જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના પુંજાભાઈ વંશની હાર થઈ છે. સુરતની વરાછા બેઠક પર આ વખતે કાકા-ભત્રીજા વચ્ચેની લડાઈ હતી. આ બેઠક પર કુમાર કાનાણીની જીત થઈ છે,જ્યારે આપ ઉમેદવાર અલ્પેશ કથિરિયાની હાર થઈ છે. રાજકોટ જિલ્લાની ગ્રામ્ય બેઠક પર ભાજપ ઉમેદવાર જયેશ રાદડિયાની જીત થાઈ છે.તેઓએ ૭૬૦૦૦ વધુ લીડથી જીત મેળવી છે. આ સાથે જયેશ રાદડિયાએ જનતાનો આભાર માન્યો છે. જામનગર ઉત્તર બેઠક પર ભાજપના રિવાબા જાડેજાની જીત થઈ છે. ભાજપનું ગુજરાતમાં ૨૭ વર્ષથી શાસન છે, પરંતુ ભાજપ અત્યાર સુધી માધવસિંહ સોલંકીનો ૧૪૯ બેઠકોનો રેકોર્ડ તોડી શકી ન હતી. પરંતું ભાજપે હવે એ પણ હાંસિલ કરી દીધું છે. ભાજપે માધવસિંહનો ૧૪૯ સીટનો રેકોર્ડ તોડ્યો છે. ત્યારે હવે કોઈ કહી નહિ શકે કે, ભાજપે બહુમત તો મેળવી પણ માધવસિંહનો રેકોર્ડ તોડી શકી નથી, ભાજપે આજે ૧૫૬ થી વધુ બેઠકો પર લીડ મેળવીને આ વાત પર પણ પૂર્ણવિરામ મૂક્યું છે.ભાજપની જીતની ચારેતરફ ઉજવણી કરવામાં આવી હતી કમલમમાં ઉજવણી સવારથી શરૂ થઈ ગઈ હતી ફટાકડા ફોડીને ઉમેદવારો જીતની ઉજવણી કરતા જોવા મળ્યા હતાં કમલમમાં ઢોલનગારાના તાલે ઉજવણી કરી હતી અને ગરબા રમ્યા હતાં જીત બાદ દિગ્ગજ નેતાઓ કમલમ પહોંચી ગયા હતાં કહેવાય છે કે, આવતીકાલે અથવા ૧૦મી ડિસેમ્બરે કમલમ ખાતે ભાજપના નવા ચૂંટાયેલા ધારાસભ્ય દળની બેઠક યોજાશે. સુત્રોના જણાવ્યા અનુસાર ૧૨ ડિસેમ્બરના રોજ અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે નવી સરકારની શપથવિધિની શક્યતા ચર્ચાઈ રહી છે. આ માટે ભવ્ય સમારોહ યોજાશે. ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકોમાંથી ભાજપે ૧૫૬ બેઠકો કોંગ્રેસને ૧૭ અને આપને પાંચ બેઠકો અને અન્ય ૪ બેઠકો પર સારસાઈ મળી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઈતિહાસ સર્જયો છે અનો ૧ લાખ ૯૨ હજાર મતોની સરસાઈ મેળવી હાંસલ કરી છે આ સાથે જ જ્યાં જ્યાં ભાજપ જીત્યું છે ત્યાં ઉજવણી કરવામાં આવી હતી અનેક બેઠકો પર ઉમેદવારોએ ફટાકડા લાવીને ફોડવામાં આવ્યા હતાં. ભાજપની જીત વિશે ભાજપના નેતાએ કહ્યુંકે, ગુજરાતની જનતાએ બતાવી દીધું કે, અમને તુષ્ટીકરણ

## ગુજરાતમાં ભાજપની ઐતિહાસિક જીત

અને મફતમાં રસ નથી, અમને માત્ર વિકાસ અને ભાજપમાં રસ છે. આ ભાજપના ભરોસાની જીત છે. માધવસિંહ સોલંકીનો રેકોર્ડ તોડવા અમે જઈ રહ્યાં છે. અમને પ્રધાનમંત્રી મોદી પર ભરોસો છે. એ યાદ રહે કે ભાજપાની પ્રચંડ જીતના કારણો જોઈએ તો સી આર પાટીલ ગુજરાત ભાજપના અધ્યક્ષ બનતા જ તેમણે ૨૦૨૨ ચૂંટણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે પેજ પ્રમુખ અભિયાનની શરૂઆત કરી હતી. આ અભિયાનમાં બુથના પેજ માટે પ્રમુખની નિમણૂંક કરવામાં આવી હતી. આ બાદ, જમીનીસ્તરે આ પેજ પ્રમુખો દ્વારા પ્રચાર અને વોટ શેયર વધારવા ખુબ મહેનત કરવામાં આવી હતી, આ સાથે જ, વડાપ્રધાન મોદી, સી આર પાટીલ સહિતના અનેક હોદેદારો દ્વારા આ પેજ પ્રમુખો સાથે સંવાદ કરવામાં આવતો હતો. આથી, અભિયાનમાં બુથ મેનેજમેન્ટ અને માઈક્રો પ્લાનિંગમાં ખુબ જ મહત્વનો ફાળો મળ્યો છે.

## ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની અગાઉના તમામ રેકોર્ડધ્વસ્ત કરતી ઐતિહાસિક જીત

### સુરત મહાનગરની તમામ ૧૨ સીટો પર ભાજપનો ભગવો લહેરાયો



કમલમ્ ન્યુઝ,

ગુજરાત વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં તમામ રેકોર્ડને ધ્વસ્ત કરતા ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ જીત મળી છે . આ સાથે સુરત મહાનગરની તમામ ૧૨ સીટો પર પણ ભાજપનો ભગવો લહેરાયો છે . આ મળેલી જીત ઉપર એક સંદેશામાં સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નિરંજન ઝાંઝમેરા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મુકેશભાઈ દલાલ , શ્રી કિશોરભાઈ બિન્દલ , શ્રી કાળુભાઈ ભીમનાથ તમામે સુરત મહાનગરના તમામ નગરજનોનો ભારતીય જનતા પાર્ટી ઉપર પૂર્ણ ભરોસો મુકવા બદલ આભાર માન્યો છે. સાથે તેમણે શ્રદ્ધેય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ , કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબ , ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે પી નડડા સાહેબ , ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલ સાહેબ , ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબનો પણ આભાર માન્યો છે . તેમણે વિશેષમાં જણાવ્યું હતું કે આ જીત દેવદુર્લભ એવા તમામ કાર્યકર્તાઓની છે અને આ મળેલી જંગી જીત પછી જવાબદારી પણ વધી જાય છે , સાથે તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જે ભરોસો નગરજનોએ અમારા ઉપર મુક્યો છે તેમાં અમો ખરા ઉતરશું .

## ગુજરાતની જનતા શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને હૃદયથી ચાહે છે – શ્રી સી. આર. પાટીલ

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબ અને રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે પત્રકાર પરીષદ સંબોધી





દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિભાઇ શાહ સાહેબ અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડા સાહેબનો ગુજરાતમાં ચૂંટણી પ્રચાર પ્રસાર કરી રાષ્ટ્રવાદની વિચારધારા અને વિકાસવાદની રાજનીતિની વાતો ગુજરાતની જનતા જનાર્દન સમક્ષ મૂકી મતદાન અંગે પ્રેરીત કરી ભારતીય જનતા પાર્ટીને વિજયી બનાવવા બદલ આભાર - શ્રી સી. આર. પાટીલ

**લોકતંત્રના મહાપર્વ અંતર્ગત યોજાયેલ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને ગુજરાતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબની વિકાસવાદની રાજનીતિને સ્વિકારી સમર્થન આપવા બદલ ગુજરાતની જનતા જનાર્દનનો આભાર - શ્રી સી. આર. પાટીલ**



કમલમ્ ન્યુઝ,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબ અને રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે પત્રકાર પરીષદ સંબોધી હતી. પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, લોકતંત્રના મહાપર્વ અંતર્ગત યોજાયેલ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને ગુજરાતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબની વિકાસવાદની રાજનીતિને સ્વિકારી સમર્થન આપવા બદલ ગુજરાતની જનતા જનાર્દનનો આભાર માન્યો હતો. આ જીત ભારતીય જનતા પાર્ટીની જ નથી પરંતુ ગુજરાતની જનતા ભારતીય જનતા પાર્ટી ઉપર મૂકેલ વિશ્વાસની જીત છે. રાષ્ટ્રવાદની વિચારધારાની જીત છે. વિકાસવાદની રાજનીતિની જીત છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતના જનતા જનાર્દનના આર્શિવાદથી આજે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી મળી છે. ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી આપવાનું મન બનાવી ચૂકી હતી. લોકતંત્રના આ મહાપર્વમાં દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૩૩ જનસભા અને ૩ રોડ શો યોજી ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં પ્રચાર પ્રસાર કર્યો હતો. ગુજરાતની જનતા શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને હૃદયથી ચાહે છે. દેશના યશસ્વી ગૃહ મંત્રીશ્રીએ પણ સભાઓ અને રોડ શો યોજી ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં પ્રચાર પ્રસાર કર્યો હતો અને ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને વિકાસવાદની રાજનીતિ યથાવત રાખવા મતદાન કરવા ગુજરાતની જનતાને અપીલ કરી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ પટેલ સાહેબનો આભાર વ્યક્ત કરવાની સાથોસાથ કેન્દ્રિય નેતૃત્વ અને અન્ય રાજ્યોમાંથી આવેલ મુખ્ય મંત્રીશ્રીઓનો અને ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીનો પણ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેમણે ગુજરાતની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર્તાઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું અને જાહેર સભાઓ સંબોધીને રાષ્ટ્રવાદ અને વિકાસવાદ થકી ભારતીય જનતા પાર્ટીને સમર્થન આપવા પ્રેરીત કર્યા. સમગ્ર પ્રચાર દરમિયાન અમને પક્ષના વરિષ્ઠ નેતૃત્વનો સતત સહયોગ અને માર્ગદર્શન મળ્યું હતું જેના કારણે અપાર શક્તિ અને પ્રેરણા મળતી રહી, કાર્યકરોને પ્રોત્સાહન મળતું રહ્યું છે. શ્રી સી. આર. પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, આખા પ્રચાર-પ્રસારને જોઉં છું ત્યારે મારા મગજમાં ત્રણ શબ્દો આવે છે - નિશ્ચય, મહેનત અને સંતોષકારક પરિણામ. ચૂંટણી પ્રચારમાં કાર્યકરોનો ઉત્સાહ અને અથાગ મહેનત જોઈને મને સૌથી વધુ આનંદ થાય છે. ભારતીય જનતા પાર્ટીની આ જીત ભાજપાના છેલ્લા ૨૭ વર્ષના સકારાત્મક કાર્યોની જીત છે ભારતીય જનતા પાર્ટી જનતાની સેવા અને કલ્યાણને આદર્શ માનીને કામ કર્યું છે. ભારતીય જનતા પાર્ટી સુશાસન અને વિકાસના સંકલ્પને સાકાર કરવા ગુજરાતના ખૂણે ખૂણે લઈ જવાનો પ્રયાસ કર્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ કાર્યો અને તેમના સ્વપ્નોને જમીન ઉપર ઉતારી તેને પૂર્ણ કરવાનું કામ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ વાળી સરકાર કરી રહી છે. શ્રી સી. આર. પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી આગામી સરકાર ભવ્ય ગુજરાત, ગૌરવશાળી ગુજરાત અને પ્રગતિશીલ ગુજરાતના સ્વપ્નને સાકાર કરવાના ઉદેશ સાથે આગળ વધવાની છે. ગુજરાતની જનતા જાણે છે અને સમજે છે કે ગુજરાતનો વિકાસ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન વાળી સરકાર દ્વારા જ થઈ શકે છે. ગુજરાતમાં અન્ય રાજકીય પક્ષો દ્વારા મોટી મોટી લોભામણી જાહેરાતો આપવામાં આવી હતી. ગુજરાતની વિકાસયાત્રામાં રોડા નાંખનાર રાષ્ટ્રવિરોધી શકિતઓ પણ આવી હતી. ગુજરાતની જનતા સ્વાભિમાનથી જીવવા વાળી હોવાથી ગુજરાત વિરોધી, કાવતરાખોર શકિતઓને ફગાવી ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી આપી છે. શ્રી સી. આર. પાટીલ સાહેબે વધુમાં જણાવ્યુ હતું કે, ચૂંટણી પ્રચાર પ્રસાર એ કાર્યકર્તાઓ માટે જીવનનો યાદગાર અનુભવ છે.જનતા અને સંગઠનના વિશ્વાસને મજબૂતી આપવાનું કામ કરે છે. પક્ષાની વિચારધારા અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કામ કરે છે અને તેનાથી જ શ્રેષ્ઠ ગુજરાતના નિર્માણમાં કાર્યકર્તાઓ નિઃસ્વાર્થપણે તેમનું યોગદાન આપે છે. રાજ્યમાં આગામી ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિનવાળી સરકાર ગુજરાતના વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કરશે અને ચૂંટાયેલા પ્રતિનિધીઓ સત્તાને માધ્યમ બનાવી લોકોની સેવા અને કલ્યાણની પરંપરાને આગળ વધારવાનો તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો જનાધાર સ્પષ્ટ થઈ ગયો છે અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે પહેલેથીજ કહી દીધુ હતું કે આ વખતે ગુજરાતના તમામ રેકોર્ડ તોડવા જઈ રહી છે અને થયું છે પણ એવું જ કે ગુજરાતની જનતા જનાર્દને શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને ભારતીય જનતા પાર્ટી ઉપર ભરોસો મૂકી સૌથી વધુ સીટો સૌથી વધુ લીડ અને સૌથી વધુ વોટશેર સાથે પૂર્ણ બહુમતી આપેલ છે. ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર કોઈપણ જાતની પદ પ્રતિષ્ઠા વગર જનસેવા કાર્યોમાં કાર્યરત છે. ભારતીય જનતા પાર્ટીની જીત એ જનતા જનાર્દનની જીત છે અને ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર્તાઓની જીત છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને જીત અપાવવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબ તેમજ કર્મઠ કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો. કર્મઠ કાર્યકર્તાઓને આગામી સમયમાં દેશમાં અને વિશ્વમાં ગુજરાત રાજ્યને પ્રસ્થાપિત કરવા માટે અને ગુજરાત નં. ૧ નું બિરૂદ જાળવી રાખવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવતી વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં સતત પ્રયત્નશીલ રહે તેવી અપીલ કરી હતી. ભારતીય જનતા પાર્ટીએ જાહેર કરેલ સંકલ્પ પત્ર રૂપી દસ્તાવેજને પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહેવા અંગે પણ અપીલ કરી હતી. આગામી સમયમાં પણ શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપેલ સૌના સાથ, સૌના વિકાસ, સૌના પ્રયાસના મંત્રને ચરિતાર્થ કરવા ગુજરાત રાજ્ય દેશનું પહલું રાજ્ય બનશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. શ્રી સી. આર. પાટીલ સાહેબે પત્રકારોના પ્રશ્નોના જવાબમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં આવેલ રેવડી આપનારી પાર્ટી તેમજ કોંગ્રેસીઓની તુષ્ટીકરણની રાજનીતિને ગુજરાતની જનતાએ નકારી છે અને ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને શ્રી અમિતભાઈ શાહ સાહેબની વિકાસવાદની રાજનીતિને સ્વિકારી છે. આઝાદીના સમયથી કોંગ્રેસનો ગઢ ગણાતી ૯ સીટો પૈકી ૭ સીટો ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની જીત થઈ છે. ગુજરાતની અસ્મિતા જાળવી રાખવા માટે રેવડી આપનારી આમ આદમી પાર્ટીને દિલ્હી પરત જવાનો રસ્તો બતાવી આપ્યો છે. છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતની જનતાએ વિકાસલક્ષી કામગીરી જોઈ તેમના આશિર્વાદ આપ્યાં છે. શ્રી સી. આર. પાટીલ સાહેબની આ પત્રકાર પરીષદમાં ગુજરાતના સહ પ્રભારી શ્રી સુધીર ગુપ્તાજી, પ્રદેશ ઉપાધ્યક્ષાશ્રી ગોરધનભાઈ ઝડફીયા, શ્રી એમ. એસ. પટેલ, પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા, રજનીભાઈ પટેલ, પ્રદેશ પ્રવકતા શ્રી યમલભાઈ વ્યાસ, પ્રદેશ કોષાધ્યક્ષાશ્રી સુરેન્દ્રભાઈ પટેલ, સહપ્રવકતા શ્રી ભરતભાઈ ડાંગર ઉપસ્થિત રહ્યાં હતાં.

